ફોજદારી કેસ નંબર <u>૭૪૩૯/૨૦૨૧</u>

// ***<u>આંક – ૧ લગત હુકમ</u>*** //

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહું કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ બજવણી કરનાર અધિકારી આરોપીને સમન્સ બજવણી કરી શકેલ નથી. હાલનું ચાર્જશીટ સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ એકટ ની કલમ – ૬૬(૧)(બી) અને ૮૫(૧) તથા જી. પી. એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજૂ કરેલ છે અને આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લેવાયેલ છે. આ કામે જે ચાર્જશીટ સાથે રજૂ થયેલ ફરિયાદ અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતા આરોપીએ કેફી પદાર્થ લીધેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે પરંતુ સદરહું આરોપી આ કાયદાની કલમ–૮૫(૧)માં જણાવ્યા અનુસાર નશાની અસર હેઠળ હોય અને લોકોની આવજાવ કરવાની છૂટ હોય તેવા કોઈ રસ્તા, રાહદારી માર્ગ, સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય કે બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તૂણક કરતો હોય, અશ્લીલ ચેનચાારા કરતો હોય તેવું ચાર્જશીટ સાથે રજૂ થયેલા સાહેદોના નિવેદનો કે ફરિયાદ પરથી જણાઈ આવતું નથી. જેથી સમગ્ર ચાર્જશીટ સાથે રજૂ થયેલા દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી)ના તત્વો આકર્ષાતા હોય અને આ કાયદાની કલમ– ૮૫(૧) ના કોઈ તત્વો આકર્ષાતા ન હોય અને તેથી તે ગુન્હાનું તહોમત ઘડવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર ન હોય તેથી આરોપીની સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૮૫(૧) ના ગુનામાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૩૯ મુજબ બિન તહોમત છોડી મુકવામા આવે છે. વધુમા આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૬(૧)(બી) તથા જી. પી. એકટની કલમ–૧૧૦, ૧૧૭ નો ગુનો છે અને સમન્સ ટ્રાયએબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલા પરંતુ આરોપીને સમન્સ કોઇ પણ કારણોસર બજવણી થતી નથી જેથી આરોપી સામેની

કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૮ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીઓને સમન્સ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//<u>હુકમ</u>//**

(૧) આ કામના આરોપીની સામેની ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) તથા જી. પી. એકટની કલમ–૧૧૦, ૧૧૭ ના કલમ અન્વયેની કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની ૨૫૮ અન્વયે સ્થગિત કરવામા આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા જો આરોપી જો ભવિષ્યમા મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

(૨) આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીતેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામા આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૧ મી, માહે–ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૧૧ / ૦૨ / ૨૦૨૩ .
સ્થળઃ–અમદાવાદ(ગ્રામ્ય).

*D.J.Vaniya/P.A.*

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**
**બીજા અધિક ચીફ જ્યુડી. મેજી.,**
**મિરજાપુર, અમદાવાદ(ગ્રામ્ય)**
**U.I.Code No.GJ-00957**